# 'ચિત્શક્તિ વિલાસ'ના એક ઉદ્ધરણનો પરિચય

સન ૧૯૬૯ના મે મહિનાની વાત છે. ગુરુદેવ સિદ્ધપીઠમાં ઉનાળો એની ચરમસીમા પર પહોંચી રહ્યો હતો, ગરમી એટલી વધી ગઈ હતી કે હવામાં તેની ઝાંખી ચમક દેખાતી હતી. સ્વામી મુક્તાનંદ પોતાની આત્મકથા લખવાની યોજના બનાવી રહ્યા હતા.

જ્યારે બાબાજીએ (લોકો સ્વામી મુક્તાનંદને પ્રેમથી આ નામે બોલાવતાં) એક સિદ્ધયોગીને પુસ્તક લખવાની તેમની યોજના જણાવી, તો તેણે બાબાજીને નિવેદન કર્યું કે આટલાં મોટાં કાર્યની શરૂઆત ગણેશપુરીના ઉનાળાની આ કાળઝાળ ગરમીમાં કરવાં કરતાં, તેઓ ભારતના પશ્ચિમ ઘાટમાં સ્થિત મહાબળેશ્વર જાય. પર્વતીય ક્ષેત્ર હોવાથી મહાબળેશ્વરનું વાતાવરણ વધારે ઠંડું હોય છે અને તેથી એકાગ્રતાથી કાર્ય કરવા માટે વધુ અનુકૂળ રહેશે. આ સિદ્ધયોગી પાસે આવી યાત્રાનું આયોજન કરવા માટે આર્થિક સાધનો હતા અને તેણે મદદ કરવા માટે તત્પરતા બતાવી.

બાબાજીએ તેના આમંત્રણનો સ્વીકાર કર્યો અને આ સિદ્ધયોગી તથા બીજાં થોડાં લોકો સાથે તેમણે મોટરગાડીમાં મહાબળેશ્વરની મુસાફરી કરી. આ સમૂહ ૮મી મેના રોજ ત્યાં પહોંચી ગયો; જ્યારે તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે હવામાં ઠંડક હતી અને ઘાટીમાં સવારનું ધુમ્મસ છવાયેલું હતું. થોડા દિવસ પછી, સોમવાર, ૧૨ મે, ૧૯૬૯ના રોજ બાબાજીએ લખવાની શરૂઆત કરી.

ત્યાર પછી વીસ દિવસો સુધી, બાબાજીએ લખતા રહ્યા — મોટાભાગે પોતાના હાથથી અને ક્યારેક-ક્યારેક તેઓ પુસ્તકના અમુક અંશને બોલતા અને તેમની સાથેના બે સિદ્ધયોગી એ લખતા, જેમાંના એક હતા, દાદા યંદે. જ્યારે પુસ્તક પ્રકાશિત થયું ત્યારે તેમાં લગભગ ૩૦૦ પાનાં હતાં. જ્યારે બાબાજીએ હસ્તલિપિ પૂરી કરી ત્યારે તેમણે એ બધાં લોકોને બોલાવ્યા જેઓ તેમની સાથે મહાબળેશ્વર આવ્યાં હતાં. એ બધાં લોકોએ એક સત્સંગનું આયોજન કર્યું, જેમાં બાબાજીએ પોતાના પુસ્તકના નામની ઘોષણા કરી : *ચિત્શક્તિ વિલાસ.*

'ચિત્શક્તિ વિલાસ' પ્રકાશિત થતાંની સાથે જ તે એક ઉત્કૃષ્ટ સાહિત્ય, સિદ્ધયોગ પથની આધારશિલા બની ગયું, જે બાબાજીની પોતાની સાધના અને પ્રાપ્તિની વિસ્તારપૂર્વક ઝલક કરાવતું, અનોખું અને અસાધારણ પુસ્તક છે.

બાબાજીના આ અવિસ્મરણીય અને મહત્ત્વપૂર્ણ લેખનકાર્યની બાવનમી વર્ષગાંઠનો ઉત્સવ મનાવવા માટે સિદ્ધયોગ પથ વેબસાઇટ પર બાબાજીના પુસ્તકમાંથી એક ઉદ્ધરણ પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ ઉદ્ધરણ ''ચિદ્વિલાસ'' નામના પ્રકરણમાંથી લેવાયું છે.

## પ્રકરણ ચોત્રીસ

# ચિદ્વિલાસ

પૃષ્ઠ ૨૦૮–૨૧૦

હજી પણ હું ધ્યાન કરું છું ત્યારે ધ્યાનમાં તન્મય થતાં નીલરશ્મિ, નીલપુંજ અને એ ચિન્મયની વચ્ચે નીલબિંદુ જોઉં છું. એ મૃદુ, ચિન્મય તેજપુંજ અતિ સૂક્ષ્મરૂપે હાલતો, ચમકતો બધી અવસ્થાઓમાં જોઉં છું. ભોજન કરતાં, પાણી પીતાં, સ્નાન કરતાં, બસ એ મારી આંખોની સામે જ ઊભો છે! સૂતો હોઉં તો નિદ્રાસ્થાનમાં પણ એ ઊભો છે. હવે મારી દષ્ટિ દ્વૈત–અદ્વૈત રહિત થઈ ગઈ છે, કારણકે દ્વૈત–અદ્વૈત બંનેમાં એ જ વ્યાપ્ત છે. હવે દેશ, કાળ, વસ્તુભેદની મર્યાદા નથી રહી. નીલનું સર્વત્ર સૂક્ષ્મ જે પ્રસરણ છે, એ મારા આત્મામાં પણ વિશ્વાકારે વ્યાપ્ત છે. નહીં દેખાતું પણ હું જોઉં છું. જેમ ન દેખાતું ગુપ્તધન મંત્ર–અંજન લગાવવાથી દેખાય છે એવી જ રીતે શ્રીગુરુદેવની કૃપાથી અને પારમેશ્વરી કુંડલિનીના પ્રસાદથી એ દિવ્ય સાક્ષાત્કાર કરાવનાર નીલઅંજન મારી આંખોમાં લાગી જવાથી, ન દેખાતું એટલે કે અતિ સૂક્ષ્મ પણ દેખાય છે. ચારે તરફ મારા આત્માની જ વિશ્વાકાર વ્યાપ્તિ છે એવી હવે મારી પૂર્ણ સમજ છે. પ્રપંચ છે જ નહીં, ક્યારે હતો જ નહીં; જેને આપણે પ્રપંચ કહીએ છીએ એ તો કેવળ ચિતિશક્તિનો માત્ર ચિન્મય વિલાસ છે, એવો મારો પૂર્ણ નિશ્ચય છે. ‘સોऽહમ્’માં જેને ‘સઃ’ અને ‘અહમ્’ કહીએ છે, એને હું સહજમાં સમજું છું. વેદાંત જેને ‘તત્ત્વમસિ’ વિદ્યા કહે છે અને જે વિદ્યાનું પરિણામ બ્રહ્માનંદ કહેવાયું છે, એ જ મારી અંદર સૂક્ષ્મરૂપે સ્ફુરનારું મારું સ્વરૂપ છે.

એના પુષ્ટીકરણ માટે ‘પ્રત્યભિજ્ઞાહૃદયમ્’ ગ્રંથમાંથી પ્રમાણ આપું છું. એમાં કહેવામાં આવ્યું છે કે પરમાત્મા શિવની આવી દષ્ટિ છે :

*... શ્રીમત્પરમશિવસ્ય પુનઃ વિશ્વોત્તીર્ણ–*
*વિશ્વાત્મક–પરમાનન્દમય–*
*પ્રકાશૈકઘનસ્ય એવંવિધમેવ*
*શિવાદિ–ધરણ્યન્તં અખિલં*
*અભેદેનૈવ સ્ફુરતિ, ન તુ વસ્તુતઃ*
*અન્યત્ કિંચિત્ ગ્રાહ્યં ગ્રાહકં વા,*
*અપિ તુ શ્રીપરમશિવભટ્ટારક એવ ઇત્થં*
*નાનાવૈચિત્ર્યસહસ્રૈઃ સ્ફુરતિ ।*[1]

અર્થાત્ ભગવાન પરશિવ માટે, જેને આપણે પરમેશ્વર પરાશક્તિ કહીએ છીએ, વિશ્વ નામની કોઈ વસ્તુ નથી. તેઓ કેવળ સત્ય, નિત્ય, નિર્ગુણ, નિરાકાર, વ્યાપક અને પૂર્ણ છે. એમને શિવથી લઈને પૃથ્વી સુધી એટલે કે સ્થાવર જંગમાત્મક દેખાતું, પ્રગટ-અપ્રગટ બધું જગત અભેદરૂપે પરમાનંદમય પ્રકાશરૂપ પોતાના જેવું જ પ્રતીત થાય છે. વસ્તુતઃ એમના સિવાય અન્ય કશું છે જ નહીં, દ્રષ્ટાદશ્ય ભાવ પણ નથી, ગ્રાહ્યગ્રાહક ભાવ પણ નથી, જીવશિવ ભાવ પણ નથી, જડચેતન ભાવ પણ નથી. પરંતુ શ્રીમત્ પરમ શિવ પરમેશ્વર એકલાં જ આ જગતનાં ચિત્રવિચિત્ર અનેક રૂપોમાં સ્ફુરે છે. આ વિશ્વ ભગવાનનું શરીર છે અને વિશ્વરૂપે પરમ શિવ જ પોતાની આત્મસ્થિતિમાં ઊભા છે એવું હવે હું જોઉં છું.

જ્ઞાનદેવના એ અભંગના, જેનાથી આ ગ્રંથ લખવાનું શરૂ કર્યું હતું, અંતિમ બે ચરણ આ પ્રમાણે છે :

*તયાચા મકરંદ સ્વરૂપ તે શુદ્ધ ।*
*બ્રહ્માદિકા બોધ હાચી ઝાલા ।।*
*જ્ઞાનદેવ મ્હણે નિવૃત્તિ પ્રસાદે ।*
*નિજરૂપ ગોવિંદે જની પાહતા ।।*

જે નીલેશ્વરીનું મેં વર્ણન કર્યું છે, એની અંદર એનું જે મૂળ છે, એનો જે રસ છે, એટલે જે શુદ્ધ પરમાનંદમય બોધ છે, એ જ પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ છે. બ્રહ્માથી લઈને બધાં ઋષિમુનિઓને એ જ બોધ થયો છે.' સાક્ષાત્કારનો અનુભવ વર્ણવતાં જ્ઞાનેશ્વર મહારાજ કહે છે, 'શ્રીસદ્‌ગુરુ નિવૃત્તિનાથના કૃપાપ્રસાદથી પ્રાપ્ત મારું અંતર્ગત નિજરૂપ, જે નીલ છે, એ જ પરમાત્મા શ્રીગોવિંદ છે. એને હું બધાં લોકોમાં જોઉં છું.'

સર્વવ્યાપક પરમેશ્વર, પરમાત્માના સિવાય અન્ય કશું નથી, આ વેદાંતનું કથન સત્ય છે. વસ્તુતઃ પરમાત્માનું આ જ્ઞાન જ જીવનનો સાર છે, જે જ્ઞાનને પ્રાપ્ત કરીને આપણો સંસાર અમૃતમય બની જાય છે. પરમાત્માના આવા જ્ઞાનની માનવને અત્યંત આવશ્યકતા છે. એ જ્ઞાન શક્તિપાતથી જ સંભવ છે. સિદ્ધકૃપાથી જ બધાં મહાત્માઓએ પોતાના અંતરમાં પરમેશ્વરને પ્રાપ્ત કર્યાં છે. ઉપર કહેલા, જ્ઞાનેશ્વર મહારાજના જે અનુભવો છે, એ જ બધાના પૂર્ણ અનુભવ છે. જનક, સનક, નારદ વગેરે મુનિઓએ પોતાના જે નિજ સ્વરૂપનું અનુસંધાન કર્યું, એ જ પરંપરાગત પરમાનંદમય જ્ઞાનનું તત્ત્વ છે, એ જ પરમાનંદમય ગોવિંદ છે જે સર્વ જનોમાં દેખાય છે. જ્ઞાનીથી લઈને અજ્ઞાની સુધી સર્વ માનવોમાં એ દેખાશે, ભલે એ મૂઢ હોય અથવા પાગલ, કારણકે પાગલપણું અને મૂઢતા મનની વૃત્તિ છે, આત્મા પરમ શુદ્ધ છે. સહસ્રદલના બ્રહ્મરંધ્રની વચ્ચે જેનો નિવાસ છે એ ષોડશકલાતીત પુરુષ નિરંતર ત્યાં રહે છે. એ પુરુષને 'સત્તરમી' પણ કહે છે. ષોડશકલાની ઉપર જે 'સત્તરમો' છે એ આત્મા છે. જેની દષ્ટિ પૂર્ણ શુદ્ધ થઈ ગઈ છે, એને આત્મરૂપ નીલવર્ણ સહસ્રદલમાં ભાસમાન થાય છે. જ્ઞાનેશ્વર કહે છે કે આ પરમ ગુહ્ય તત્ત્વ હું સદ્‌ગુરુની કૃપાથી કહું છું.

યથાર્થ સત્ય એ છે કે આ જગત 'ચિદ્વિલાસ' છે, ચિતિશક્તિનું ઉન્મીલન છે. એટલા માટે ચિતિનું જ્ઞાન ન હોવાથી જગત ભાસે છે. જ્યારે ચિતિજ્ઞાન થશે ત્યારે જગત નહીં દેખાય, સર્વત્ર ચિતિ જ દેખાશે.

વસુગુપ્તાચાર્યનું આ કથન સત્ય છે :

> *ઇતિ વા યસ્ય સંવિત્તિઃ ક્રીડાત્વેનાખિલં જગત।*
> *સ પશ્યન્સતતં યુક્તો જીવન્મુક્તો ન સંશયઃ॥*

> જે આખા વિશ્વને સતત ચિતિની એક ક્રીડારૂપે જુએ છે તે ખરેખર આત્મજ્ઞાની છે, તે જીવન્મુક્ત છે, તેમાં કોઈ સંશય નથી.[૨]

---

[૧] ક્ષેમરાજ, પ્રત્યભિજ્ઞાહૃદયમ્, સૂત્ર ૩ પર વ્યાખ્યા.

[૨] સ્પન્દશાસ્ત્ર.

© ૨૦૨૧ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.